આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૩ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૫, ગુરૂવાર ; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





વસંતોત્સવ - સંસ્કૃતિ કુંજ ખાતે પરંપરાગત વસંતોત્સવના આરંભથી નગરમાં પુનઃ સાંસ્કૃતિક માહોલ છવાયો છે... ગુજરાતના ભાતીગળ નૃત્યોથી આરંભાયેલ વસંતોત્સવમાં દેશના વિવિધ પ્રાંતના કલાકારો જોડાશે... વસંતોત્સવ ગાંધીનગરાઓ માટે અનોખો ઉત્સવ છે... સાબરના કિનારે પ્રાકૃતિક માહોલમાં પરંપરાગત લોકનૃત્યો માણવા નગરજનો ઉમટે છે... સાથોસાથ બપોરથી ભરાતો હાટહજાર પણ આકર્ષણ જણાવે છે... વિવિધ પ્રાંતોની ભાગતીળ બનાવટની ચીજ વસ્તુઓ ખરીદવા નગરજનો ઉમટી પડે છે.... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં દેશની પ્રથમ હેલ્થ યુનિવર્સિટી સ્થપાશે

## ગાંધીનગર જિલ્લાના પાલજ ખાતે ૧૦૦ કરોડના ખર્ચે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લીક હેલ્થ યુનિવર્સિટીનું નિર્માણ થશે : ડિપ્લોમા સહિત સ્નાતક, અનુસ્નાતકના અભ્યાસક્રમો શરૂ કરાશે

ગાંધીનગર, તા.૨૫

જાહેર આરોગ્યનો મુખ્ય હેતુ સમગ્ર સમાજનું સ્વાસ્થ્ય જાળવવાનો છે ત્યારે જાહેર આરોગ્યના શિક્ષણ-સંશોધન માટે ગુજરાતે સમગ્ર દેશમાં પહેલ કરી છે. ગાંધીનગર જિલ્લાના પાલજ ખાતે રૂ.૧૦૦ કરોડના ખર્ચે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક હેલ્થ યુનિવર્સિટીનું નિર્માણ થશે એમ આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.

આજે વિધાનસભા ખાતે આ યુનિવર્સિટીનું વિધેયક રજુ કરતાં મંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થા, યુનિસેફ જેવી યુ.એન. સંસ્થાઓએ પણ જાહેર આરોગ્યને સમાજના વિકાસનો મુળભુત પાયો ગણ્યો છે. ત્યારે આ યુનિવર્સિટી મહત્વનું પરિણામ આપશે. દેશમાં ૨૦૦૬ માં પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ. જેમાં કેન્દ્ર સરકાર, બિલ ગેટ્સ ફાઉન્ડેશન અને અન્ય દાનવીરોએ દાન આપેલ છે. પી.એચ.એફ.આઈ. એ દેશના પાંચ રાજયોમાં રાજય સરકારોની મદદથી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક હેલ્થની સ્થાપના કરી છે. ૨૦૦૭ માં રાજય સરકાર આને MOU કરીને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક હેલ્થ, ગાંધીનગરની સ્થાપના કરીને પાલજ ખાતે ૫૦ એકર જમીન ફાળવી છે. જેમાં ૨૦૧૫ સુધીમાં ૧,૩૦,૦૦૦ ચો.ફુટ બાંધકામમાં કલાસ રૂમ, ઓડિટોરીયમ, હોસ્ટેલ, લેબોરેટરી, લાઈબ્રેરીની સુવિધાઓ રહેશે.

મંત્રીશ્રી પટેલે ઉમેર્યુ કે, આ યુનિવર્સિટીમાં ડિપ્લોમાં અભ્યાસક્રમ ઉપરાંત નવા અનેકવિધ જાહેર આરોગ્યને લગતાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે બે વર્ષનો ફુલ ટાઈમ અનુસ્નાતક અભ્યાસક્રમ ''માસ્ટર ઓફ પબ્લિક હેલ્થ'' ધો.૧૨ પછીના ત્રણ વર્ષનો બી.એસ.સી. ઈન કોમ્યુનિટી હેલ્થ અને પાંચ વર્ષનો ''સંકલિત માસ્ટર ઓફ પબ્લિક હેલ્થ'' જેવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે અને આગામી સમયમાં હેલ્થ એડેમીનીસ્ટ્રેશન, હોસ્પિટલ મેનેજમેન્ટ, આરોગ્ય શિક્ષણ અને મેડીકલ સોશિયલ વર્ક જેવા જરૂરી કાર્યક્રમો શરૂ કરાશે. જાહેર આરોગ્ય માટે વિદ્યાર્થીઓને બહાર જવું પડે છે તે જવુ નહી પડે જેનો લાભ કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સીબીલીટી અંતર્ગત કામ કરતી સંસ્થાને મળશે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, છેલ્લા સાત વર્ષમાં આઈ.આઈ.પી.એચ. ની સંસ્થાએ ૧૪૧ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન પબ્લિક હેલ્થની ડીગ્રી એનાયત કરી છે. જેને આરોગ્ય વિભાગની માન્યતા મળી છે. ઉપરાંત છેલ્લા બે વર્ષથી એમ.બી.બી.એસ. ડોકટરની એસોસીએટ ફેલો ઈન ઈન્ડસ્ટ્રીયલ હેલ્થનો નવો શૈક્ષણિક કાર્યક્રમ શરૂ કર્યો છે. તેમજ ઈ-લર્નીગ ડીસ્ટન્સ લર્નીગ તરીકે ઓળખતા અભ્યાસક્રમોમાં દેશ-વિદેશના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને લાભ આપ્યો છે. ૨૦૦ વધુ સંશોધન પત્રો વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલોમાં પ્રકાશિત થયા છે. આ સંશોધનો આરોગ્ય નીતિને ઘડવામાં પણ ખુબ જ મદદરૂપ થયા છે.

તેમણે ઉમેર્યુ કે, આઈ.આઈ.પી.એચ.ગાંધીનગરને યુનિવર્સિટીનો દરજજો મળતા રાજયના વિદ્યાર્થીઓને વધુ લાભ મળશે આ યુનિવર્સિટીનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે. યુનિવર્સિટી સ્વ-નિર્ભર રહેશે. અને તેના સંચાલન માટે કોઈ નાણાકીય જવાબદારી રાજય સરકારની રહેશે નહી તે જવાબદારી સ્પોન્સરીગ સોસાયટીની રહેશે. આરોગ્ય કર્મચારીઓને તાલીમ આપવાની કામગીરી માટે પણ મદદ લેવાશે. રાજય સરકારનુ પુરતુ નિયંત્રણ રહે તે માટે યુનિવર્સિટીની ગવર્નીગ કાઉન્સિલમાં રાજય સરકારના સચિવ કક્ષાના ઉચ્ચ અધિકારીઓ તથા અધિક નિયામક કક્ષાના જાહેર આરોગ્ય નિષ્ણાંત અધિકારીઓની નિમણૂંકની જોગવાઈ બીલમાં કરવામાં આવી છે. નાણાકીય હિસાબો રાજય સરકારને રજુ કરવાની તથા રાજય સરકાર દ્વારા યુનિવર્સિટીના હિસાબોનું ઓડીટ કરવાની જોગવાઈ પણ કરાઈ છે, ફક્ત વહીવટી અને નાણાકીય બાબતોમાં જરૂર જણાય ત્યાં જ સરકારનો હસ્તક્ષેપ રહેશે, તેમ તેમણે ઉમેર્યુ હતુ.

આ વિધેયકમાં ધારાસભ્ય સર્વશ્રી બલવંતસિંહ રાજપુત, શ્રી જીતુભાઈ સુખડીયા, ડૉ. તેજશ્રીબેન પટેલ, શ્રી ઋષિકેશભાઈ પટેલ, ડૉ. અનિલભાઈ જોષીયારાએ પોતાના વિચારો રજુ કરી જરૂરી સૂચનો કર્યા હતા. આ વિધેયક વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરાયુ હતું.

## રાજ્યભરમાં ૧૪૪ની કલમ જાહેર

રાજ્યમાં દિન-પ્રતિદિન વધતો સ્વાઈન ફલુના આતંકના પગલે સમગ્ર રાજ્યમાં ૧૪૪ની કલમનો અમલ જાહેર કરાયો છે. ચારથી વધુ વ્યક્તિઓના એકત્ર થવા પર પ્રતિબંધ મુકતી કલમથી જાહેર કાર્યક્રમો બંધ રાખવાની ફરજ પડશે. સ્વાઈન ફલુનો ચેપ વધી રહ્યો છે. શાળા-કૉલેજ, મેળાઓ અને જાહેર સમારંભોમાં સાવચેતીના પગલા માટે સરકાર ગંભીર બની છે.

ગુજરાત સરકારના વિવિધ ક્ષેત્રોમાં ભરતી!

તલાટી 2400 જગ્યાઓ | Dy.SO/નાયબ મામલતદાર 600+ જગ્યાઓ

(સંભવિત માર્ચ-2015)

PSI / ASI / કોન્સ્ટેબલ 8000+ જગ્યાઓ

PSI (ફી માત્ર ₹ 28,000/-)

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર | 24.02.2015 | સવારના 7-00 થી 9-30 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર | 23.02.2015 | સાંજના 6-30 થી 9-00 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 26.02.2015 | બપોરના 9-00 થી 11-30 | શુક્ર થી મંગળ |

ASI / કોન્સ્ટેબલ / જેલ સિપાહી (ફી માત્ર ₹ 14,000/-)

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર | 23.02.2015 | બપોરના 12-00 થી 2-00 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 26.02.2015 | બપોરના 11-15 થી 1-15 | શુક્ર થી મંગળ |

તલાટી (ફી માત્ર ₹ 18,000/-)

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર | 27.02.2015 | બપોરના 2-15 થી 4-15 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર | 28.02.2015 | બપોરના 12-30 થી 2-30 | શનિ / રવિ |
| મહેસાણા શાખા માટે | 26.02.2015 | બપોરના 1-30 થી 3-30 | શુક્ર થી મંગળ |

Dy.SO/નાયબ મામલતદાર (ફી માત્ર ₹ 24,000/-)

| | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| ગાંધીનગર | 26.02.2015 | બપોરના 3-00 થી 6-00 | શનિ / રવિ |
| મહેસાણા શાખા માટે | 27.02.2015 | બપોરના 3-45 થી 5-45 | શુક્ર થી મંગળ |

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE | સંપૂર્ણ પરીક્ષા સુધીનો કોર્ષ

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્ષેત્રમાં કાર્યરત

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 4.00 સુધી)

પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607

## સ્વાઈન ફલુને પગલે કર્ણાવતી ડેન્ટલ કોલેજ ૧૦મી માર્ચ સુધી બંધ રહેશે

### કર્ણાવતી ડેન્ટલ કોલેજના ચાર-પાંચ વિદ્યાર્થીઓ સ્વાઈન ફલુના લપેટમાં આવતા ઐતિહાસિક નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતભરમાં સ્વાઈન ફલુ એ હાહાકાર મચાવી મૂકયો છે ત્યારે ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં પણ સ્વાઈન ફલુના રોજે રોજ વધી રહેલા કેસ ચિંતાનું મોટું કારણ બન્યા છે. ગાંધીનગર નજીક ઉવારસદ ગામમાં સ્થિત કર્ણાવતી ડેન્ટલ કોલેજના સાતેક વિદ્યાર્થીઓ સ્વાઈન ફલુની ઝપટે ચઢતા કોલેજ સંચાલકો દ્વારા આજથી ૧૦મી માર્ચ સુધી કોલેજને સદંતર બંધ રાખવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાતમાં અત્યાર સુધી સ્વાઈન ફલુના ૩૭૬૯ પોઝીટીવ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લામાં પણ નોંધાયેલા પોઝીટીવ સ્વાઈન ફલુના કેસ ચિંતાજનક છે. ગાંધીનગર પાસેના ઉવારસદ ખાતે સ્થિત કર્ણાવતી ડેન્ટલ કોલેજમાં પણ ચાર-પાંચ વિદ્યાર્થીઓને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા કોલેજ તંત્રની સાથો સાથ આરોગ્ય તંત્ર પણ હલબલી ઉઠયું છે ત્યારે કોલેજ સંચાલકો દ્વારા કોલેજના તમામ વિદ્યાર્થીઓ તથા સ્ટાફને એક અઠવાડીયા માટે રજાઓ આપી દઈ કોલેજ લગભગ બે અઠવાડિયા બંધ રાખવાનો ઉદાહરણરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્વાઈન ફલુના કહેરથી કર્ણાવતી ડેન્ટલ કોલેજને બે અઠવાડીયા માટે બંધ રાખવામાં આવી છે.

## અણ્ણા હજારેને ગાંધીનગરથી આંદોલન આરંભવા જિલ્લાના ખેડૂતોનું આમંત્રણ

ગાંધીનગર, તા. ૨૫

દેશભરમાં જમીન અધિગ્રહણ બીલના વિરોધમાં ખેડૂતો અને અન્ય રાજકીય પાર્ટી કેન્દ્ર સરકારનો ભારે વિરોધ કરી રહી છે. જમીન અધિગ્રહણ બીલ મામલે ગાંધીવાદી અન્ના હજારે પણ દિલ્હીના જંતર-મંતર પર આંદોલન કરી રહ્યા છે અને આગામી સમયમાં શરૂ થનાર જન જાગૃતિ અભિયાનમાં અણ્ણા હજારેના નેતૃત્વમાં આ કાયદાના વિરોધની શરૂઆત ગુજરાતના પાટનગર ગાંધીનગરથી કરવામાં આવે તેવી ગુજરાત ખેડૂત હિતરક્ષક મંડળે અન્ના હજારેને અપીલ કરી છે.



પ્રાપ્ત માહિતી મુજબ કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા જમીન અધિગ્રહણ કાયદામાં ધરખમ સુધારા કરવામાં આવી રહ્યા છે અને સુધારા બાદ બીલ સરકાર દ્વારા સંસદમાં રજુ કરવામાં આવ્યું છે. જેનો દેશભરમાં ખેડૂતો ભારે વિરોધ કરી રહ્યા છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ગાંધીવાદી અને સામાજિક કાર્યકર અણ્ણા હજારે મોદી સરકાર સામે આંદોલન ચલાવી રહ્યા છે. જેમાં આપ સહિતની કેટલીક સરકાર વિરોધી પાર્ટીઓ સરકારના આ ખેડૂત વિરોધી કાયદાનો વિરોધ કરી રહ્યા છે. ભારતના ખેડૂતો અને ખેતીનુ ખૂન કરવાના કાયદો અંગ્રેજોને પણ શરમાવે તેવા કાયદાના વિરોધમાં સામાજિક કાર્યકર અણ્ણા હજારે ભારતના ગામડે ગામડે ફરી જન જાગૃતિ લાવશે ત્યારે અણ્ણા હજારેના નેતૃત્વમાં આ કાયદાના વિરોધની શરૂઆત ગુજરાતના પાટનગર ગાંધીનગરથી શરૂ કરવામાં આવે તેવી ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળે અપીલ અણ્ણા હજારેને કરી છે.

## જિલ્લામાં સ્વાઈન ફલુના ૮ નવા કેસ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર થોડોક ધીમો પડ્યો છે. આજે શહેર અને જિલ્લામાં ૮ નવા કેસ નોંધાયા છે. જે સાથે જિલ્લામાં હવે આ રોગના દર્દીઓની સંખ્યા વધીને ૧૩૮ થવા પામી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ જિલ્લાના ૫૯ દર્દીઓ સારવાર હેઠળ છે. ૬૧ દર્દીઓ સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જિલ્લામાં જે ૮ નવા કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૩, ગાંધીનગર શહેરમાંથી ૧ અને કલોલ દહેગામમાંથી ૧-૧ કેસ નોંધાયા છે.

જિલ્લામાં બે દર્દીઓ હાલ વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓ ઝડપથી સાજા થઈ રહ્યા છે અને તેમને આગામી દિવસોમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ માટે તંત્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવશે.

### હાલ ૫૯ દર્દીઓ સારવાર હેઠળ છે : ૨ દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર હેઠળ : કુલ આંક ૧૩૮ થયા

## નગરના બે તબીબ દૂરદર્શન ચેનલ પર સ્વાઈન ફ્લુ પર વાર્તાલાપ કરશે

ગાંધીનગર, તા. ૨૫

સ્વાઈન ફલુ રોગને દેશભરમાંથી દૂર કરવા માટે અનેક સેવાભાવી સંસ્થાઓ તેમજ તંત્ર દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. નગરના જાણીતા ડૉકટર્સ દૂરદર્શન ગિરનાર ચેનલ પર વાર્તાલાપ કરશે. આગામી ૧લી માર્ચ, રવિવાર બપોરે ૧૩.૩૦ કલાકે નગરના વરિષ્ઠ તબીબો ડૉ. પ્રશાંત ભટ્ટ અને ડૉ. અનિલ વૈદ્ય સ્વાઈન ફલુ રોગ પર ગિરનાર ચેનલ પર વાર્તાલાપ કરશે. તેમજ સ્વાઈન ફલુ રોગ વિશેની ઝીણવટભરી માહિતી આપશે.

ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદ | ગાંધીનગર કલ્ચરલ ફોરમ | સત્યમેવ જયતે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ | DIET GANDHINAGAR જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

બાળ ફિલ્મ મહોત્સવ - ૨૦૧૫
૨૬ • ૨૭ • ૨૮ ફેબ્રુઆરી

તારીખ : ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૫ ગુરુવાર
વ્યાખ્યાન : ફિલ્મ જોવાની કળા
સમય : બપોરે ૪.૦૦ થી ૬.૦૦
સ્થળ : શેઠ શ્રી ખીમજી વિસરામ હોલ, સર્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર.

તારીખ : ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫ શુક્રવાર
બ્લોગર્સ વર્કશોપ : શિક્ષકોના બ્લોગ નિર્માતાઓની કાર્ય શિબિર
સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦
સ્થળ : બ્રહ્માણીકૃપા હોલ, ફાર્મસી કોલેજ કેમ્પસ, કડી સંકુલ, સેક્ટર-૨૩, ગાંધીનગર.
વ્યાખ્યાન : ડિજિટલ ટીચર, શૈક્ષણિક સ્રોતનું ફલક અને ઓપન સોર્સ સોફ્ટવેરના માધ્યમથી શિક્ષણ
સમય : બપોરે ૩.૦૦ થી ૬.૦૦
સ્થળ : શેઠ શ્રી ખીમજી વિસરામ હોલ, સર્વ વિદ્યાલય કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર.

ફિલ્મ નિર્માણ પ્રક્રિયા કાર્ય શિબિર
તારીખ : ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૫
બપોરે ૧.૦૦ થી ૩.૦૦ અને ૩.૩૦ થી ૫.૩૦
તારીખ : ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫
સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ અને ૧૧.૦૦ થી ૧.૦૦
બપોરે ૨.૦૦ થી ૪.૦૦ અને ૪.૦૦ થી ૬.૦૦
સ્થળ : બાયસેગ સ્ટુડિયો, ફનવર્લ્ડની સામે, ચ-૦, ગાંધીનગર.

શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત ફિલ્મો/કાર્યક્રમોનું સ્ક્રિનિંગ અને વર્કશોપ
તારીખ : ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૫
સવારે ૧૨.૦૦ થી સાંજે ૬.૦૦
તારીખ : ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫
સમય : સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦
સ્થળ : ઓડિટોરિયમ, જી.સી.ઈ.આર.ટી. કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર.

તારીખ : ૨૬, ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૫
ગાંધીનગરના ૧૨ જાહેર સ્થળોએ શ્રેષ્ઠ બાળ ફિલ્મોનું નિદર્શન
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ વાગ્યાથી

PARAM